**ગાંધીનગર તાપમાન**

મહત્તમ : ૪૩.૦ ડીગ્રી
લઘુતમ : ૨૭.૫ ડીગ્રી
ભેજ
સવારે ૬૦ ટકા ● સાંજે ૨૧ ટકા

# સર્વ નેતૃત્વ ગૃપના યુવાનોએ બે વ્યકિતને આપઘાત કરતા અટકાવી

## બોર્ડના પરિણામને પગલે નર્મદા કેનાલ પર વિદ્યાર્થીઓને આપઘાત કરવા અટકાવવા ગયેલા યુવાનોએ એક પુરુષ અને એક મહિલાને બચાવ્યા

ગાંધીનગર, તા.૧૦

બોર્ડની પરીક્ષાઓનું પરિણામ જાહેર થાય એટલે 'કહીં ખુશી કહીં ગમ'નો માહોલ જોવા મળે. કોઈક વિદ્યાર્થી સારું પરિણામ મેળવી શાબાશી પ્રાપ્ત કરે તો કોઈક વિદ્યાર્થી નબળું પરિણામ આવતા નાસીપાસ થઈ જાય. નબળા પરિણામ પ્રાપ્ત કરનારા વિદ્યાર્થીઓમાંથી કેટલાક કૌટુંબિક અપેક્ષાના દબાણ કે આત્મવિશ્વાસના અભાવને કારણે નકારાત્મક વિચારોથી ઘેરાઈ આત્મહત્યા કરવા ધસી જતા હોય છે. દર વર્ષે બનતી આ પ્રકારની ઘટનાઓના પગલે પોલીસ તંત્ર દ્વારા પણ પરીક્ષાઓના સમયથી જ 'જીવન આસ્થા' નામની હેલ્પલાઈન કાર્યરત કરી દેવામાં આવે છે. આ વર્ષે ગાંધીનગરની આસપાસ નર્મદા કેનાલ પર ધો-૧૨ સાયન્સના બોર્ડના પરિણામને પગલે કોઈ વિદ્યાર્થી આપઘાત કરવા આવે તો તેને અટકાવવા ખાસ વ્યવસ્થા કરવામાં આવી હતી. આ વ્યવસ્થામાં કડી સર્વ વિશ્વ વિદ્યાલયના સર્વ નેતૃત્વ ગૃપના ૧૮ યુવાનોએ સેવા આપી એક પુરુષ તથા એક મહિલાને આપઘાત કરવામાંથી ઉગારી લીધા હતા.

કેએસવીના ૧૮ સ્વયંસેવકોએ આજે સવારે ૯.૩૦ થી સાંજના ૬ વાગ્યા સુધી ગાંધીનગર તાલુકામાં નર્મદા કેનાલના ૬ પોઈન્ટ પર વૉચ રાખવાની કામગીરી નિભાવી હતી. આ વ્યવસ્થાને પગલે



બોર્ડનું પરિણામ નીચું હોવા છતાં કોઈ વિદ્યાર્થી આપઘાત કરવા આવતો જોવા મળ્યો નહોતો. જો કે આ ફરજ દરમિયાન એક પુરુષ તથા એક મહિલા મળીને ૨ વ્યકિતઓને આપઘાતના પ્રયાસમાંથી ઉગારી લેવામાં આવ્યા હતા.

આજે સવારે ૯.૩૦ કલાકે જયારે સ્વયંસેવકોએ નર્મદા કેનાલના ૬ પોઈન્ટ સુઘડ, ઈન્દિરાબ્રિજ, કરાઈ, અડાલજ, ઝુંડાલ અને લીંબડીયા ખાતે જુદી જુદી ટીમો બનાવી વૉચ રાખી હતી. સવારે જેવી ફરજ ચાલુ કરી ત્યારે જ ઝુંડાલ પોઈન્ટ પર એક ૫૦ થી વધુ વયના આધેડને આપઘાતનો પ્રયાસ કરતા જોવા મળતા યુવાનોએ તેમને અટકાવી તેમની સાથે વાત કરતા તેઓ સંતાનો સાથેના ઘરકંકાસને પગલે આત્મહત્યા કરવા આવ્યા હોવાનું તેમણે કબુલ્યું હતું. આ ઘટનાના થોડા સમય પછી આશરે ૧૧ વાગે અડાલજ પોઈન્ટ પર એક આશરે ૪૦ વર્ષીય મહિલા આપઘાત કરવા કેનાલ પર રીક્ષામાં બેસીને આવી હતી. આ મહિલાને અટકાવી પુછપરછ કરતા તે ભાંગી પડી હતી અને બં સંતાનોની માતા એવી આ મહિલાને તેના પિતાએ જમાઈ સાથે થયેલા કંકાસને કારણે પતિ લેવા આવ્યો હોવા છતાં તેની સાથે પાછા સાસરે જવા દેવાની ના પડતા આપઘાતનો નિર્ણય લીધો હોવાનું જણાવ્યું હતું. આ બંને વ્યકિતઓને સમજાવી આપઘાત કરતા અટકાવી યુવાનોએ પોલીસને સોંપ્યા હતા. યુવા સ્વયંસેવકોની કામગીરીના પગલે બે વ્યકિતઓના જીવ બચવા પામ્યા હતા જેથી તેમનો પી.આઈ. પી.સી. વાલેરાએ બિરદાવ્યા હતા.

# સે-૬-બી રહેણાંક વિસ્તારમાં ગટરનું દૂષિત પાણી માર્ગ પર ઠલવાતા રહીશો ત્રસ્ત



ગાંધીનગર, તા.૧૦

શહેરના સેકટર-૬-બી રહેણાંક વિસ્તારના એક મકાનમાં મુખ્ય ગટર ચોકઅપ થઈ જતા સ્થાનિક ગટર વ્યવસ્થા તંત્ર એ ઘરની ગટર તો સાફ કરી નાખી પરંતુ અન્ય રહીશોના ઘર આગળ જ ગટરનું ગંદુ પાણી ઠાલવતા આખો માર્ગ દૂષિત પાણીથી તળાવમાં ફેરવાઈ જવા પામ્યો છે. સવારથી આ દૂષિત પાણી ઠાલવતા તેની દુર્ગંધથી રહીશો ત્રાહીમામ પોકારી ઉઠયા છે અને આગામી દિવસોમાં આ દૂષિત પાણીથી કોઈ રોગચાળો ન ફેલાય તે માટે તુરંત તંત્ર સાફ સફાઈ કરી આ દૂષિત પાણીનો નિકાલ લાવે તેવી સ્થાનિકો માંગ કરી રહ્યા છે.

શહેરના સેકટર-૬-બી રહેણાંક વિસ્તારમાં પ્લોટ નં. ૫૩૨/૧ની પાસે ના મકાનમાં મુખ્ય ગટર અચાનક જ ચોકઅપ થઈ જવા પામી હતી. ગટરની સમસ્યા સર્જાતા મકાન માલિકે સ્થાનિક ગટર વ્યવસ્થા તંત્રને જાણ કરી સમસ્યા મામલે કાર્યવાહી કરવા જણાવ્યું હતું. સ્થાનિક ગટર વ્યવસ્થા તંત્ર એ આજે તુરંત સ્થળ પર આવી ફાયટરની મદદથી ગટરની સફાઈ કરી હતી. પરંતુ તંત્ર એ એક મકાનની ગટર સાફ કરી આ રહેણાંક ચોકને ગટરમાં ફેરવી નાંખ્યો છે. સ્થાનિક ગટર વ્યવસ્થા તંત્ર એ ફાયટરની ગંદા પાણીની પાઈપ જાહેર માર્ગ પર મૂકી ગંદુ પાણી ઠાલવતા આખો માર્ગ દૂષિત પાણીથી તળાવમાં ફેરવાઈ જવા પામ્યો છે. તંત્રની આ પ્રકારની બેદરકારીથી આસપાસના રહીશોને માર્ગ પરથી ચાલતા કે વાહન લઈ પસાર થવું મુશ્કેલ બન્યું છે. બીજી તરફ દૂષિત પાણીની દુર્ગંધ એ સવારથી જ રહીશોના મગજ ફાડી નાખ્યા છે. રહીશો આ દુર્ગંધથી ત્રાહીમામ પોકારી ઉઠયા છે. ઉનાળાની સીઝનમાં જાહેર માર્ગ પર દૂષિત પાણી જેમનું તેમ પડી રહેતા રહીશોને રોગચાળો ફેલાવાનો ભય પણ સતાવી રહ્યો છે. આ સમસ્યાને લઈ સ્થાનિક રહીશો તોબા પોકારી ઉઠયા છે અને તુરંત દૂષિત પાણીનો નિકાલ લવાય તેવી ઉગ્ર માંગ કરી રહ્યા છે.

# ચ-૦ સર્કલ પાસે ચેકીંગ કરતી પોલીસને ગાડીમાંથી દારૂ મળ્યો

## સ્વિફટ ગાડીમાં જતા ત્રણ શખ્સો સામે ગુનો દાખલ ગાડીમાંથી ૮ બિયર અને એક વિદેશી દારૂની બોટલ જપ્ત

ગાંધીનગર, તા.૧૦

શહેરના પ્રવેશદ્વાર ચ-૦ સર્કલ પાસે સેકટર-૭ પોલીસ વાહનચેકીંગ કરી રહી હતી ત્યારે રાત્રે એક સ્વીફટ ગાડીનું ચેકીંગ કરતા તેમાંથી દારૂ-બિયરની બોટલો મળી આવી હતી. સે-૭ પોલીસે આઠ બિયર અને એક વિદેશી દારૂની બોટલ મળીને નવ બોટલો જપ્ત કરી કારમાં સવાર ત્રણ શખ્સો સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. પ્રાથમિક પુછપરછમાં આ દારૂ-બિયર અમદાવાદથી કોઈ બુટલેગર પાસેથી લઈને આવ્યા હોવાનું પકડાયેલા શખ્સો જણાવી રહ્યા છે.

સેકટર-૭ પોલીસ મથકના પી.આઈ. કે.કે. પંડયાની ટીમના પીએસઆઈ વી.એમ. દેસાઈ તથા સ્ટાફના માણસો મંગળવારે રાત્રે ચ-૦ સર્કલ પર અમદાવાદ તરફથી ગાંધીનગરમાં પ્રવેશતા વાહનોનું ચેકીંગ કરી રહ્યા હતા. ચેકીંગ દરમિયાન અમદાવાદ તરફથી આવલી સ્વિફટ ગાડીમાંથી આઠ બિયર અને એક વિદેશી દારૂની બોટલ મળી આવી હતી. પોલીસે મુદ્દામાલ જપ્ત કરીન સેકટર-૩ પ્લોટ નં. ૨૭૯/૧માં રહેતા મુકેશ ઈશ્વર મરમટા અને તેના બહારથી આવેલા બે મિત્રો સતિષ ચિમન સુથાર (રહે. રાજુલા) અને દેવેન્દ્ર ગોવિંદ વાણવી (રહે. જુનાગઢ) મળીને ત્રણ શખ્સોની ધરપકડ કરી કાયદેસરની કાર્યવાહી કરી હતી. ત્રણેયની પુછપરછ કરતા આ દારૂ પોતે પાર્ટી કરવા અમદાવાદના કોઈ શખ્સ પાસેથી ખરીદીને લાવ્યા હોવાની કબુલાત કરી હતી. સે-૭ પોલીસે ધોરણસરની કાર્યવાહી કરી ગુનો દાખલ કર્યો છે.

# સમસ્ત જણસારી સમાજ ગાંધીનગરના હોદ્દેદારો નિમાયા

ગાંધીનગર, તા.૧૦

સમસ્ત જણસારી સમાજ ગાંધીનગર દ્વારા વિવિધ સામાજિક પ્રવૃત્તિને અનુલક્ષી તાજેતરમાં સેકટર-૧૨ આંબેડકર હોલ ખાતે સમાજના આગેવાનોની બેઠક મળી હતી. જેમાં નવા વર્ષના હોદ્દેદારોની વરણી તથા વિવિધ કાર્યક્રમ બાબતે ચર્ચા વિચારણા કરવામાં આવી હતી.

સમસ્ત જણસારી સમાજ ગાંધીનગરની બેઠકમાં સમાજના અગ્રણીઓએ સર્વાનુમતે પ્રમુખ તરીકે રમેશચંદ્ર ચૌહાણ, મંત્રી તરીકે મહેન્દ્ર ચૌહાણ સહિતના હોદ્દેદારોની વરણી કરવામાં આવી હતી. ઉપરાંત સમાજની સામાજીક, શૈક્ષણિક, સાંસ્કૃતિક તથા ઈનામ વિતરણ તેમજ જીવનસાથી પસંદગી મહિલા મંડળ અને યુવક મંડળની રચના કરવા બાબતે ચર્ચા વિચારણા કરવામાં આવી હતી. સમાજના આગેવાનો હોદ્દેદારો તથા કાર્યકરોએ રૂ. ૧૦૦ વાર્ષિક સભ્ય ફી તેમજ રૂ. ૧૦૦ આકસ્મિક સહાય ફંડ તરીકે એમ કુલ રૂ. ૨૦૦ ભરી સમસ્યર સભ્ય થવા ચાવડા ફુટવેર મીનાબજાર તથા હોદ્દેદારોનો સંપર્ક કરવાનો રહેશે તેમ મહેન્દ્રભાઈ ચૌહાણે જણાવ્યું હતું.

# રાયપુર કેનાલમાંથી વધુ એક બિનવારસી યુવાનનો મૃતદેહ મળ્યો

## બે દિવસ પહેલા મળેલા બિનવારસી યુવતીના મૃતદેહની ઓળખ થઈ નરોડાની અપરિણીત યુવતીએ આપઘાત કર્યો હતો

ગાંધીનગર, તા.૧૦

ડભોડા નજીક રાયપુર નર્મદા કેનાલમાંથી ગઈ કાલે વધુ એક યુવાનનો બિનવારસી મૃતદેહ મળી આવ્યો હતો. ડભોડા પોલીસે મૃતદેહ બહાર કઢાવી પોસ્ટમોર્ટમ કરાવી તેની ઓળખ માટે તજવીજ આરંભી છે તો બીજી તરફ બે દિવસ પહેલા એક યુવતીનો બિનવારસી મૃતદેહ રાયપુર કેનાલમાંથી મળ્યો હતો તે યુવતીની ઓળખ થઈ ગઈ છે. નરોડા રોડ પર અશોક મીલની ચાલીમાં રહેતી અપરીણીત યુવતીએ કોઈ કારણોસર આપઘાત કર્યો હોવાનું ખુલ્યું છે.

ડભોડા પોલીસને ગઈ કાલે કેનાલ સિકયુરીટી ગાર્ડ પ્રવિણ ઠાકોર મારફતે માહિતી મળી હતી કે રાયપુર કેનાલમાં એક અજાણ્યા યુવાનનો મૃતદેહ તરે છે. મૃતદેહ બહાર કઢાવી સ્થળ પર પહોંચેલી પોલીસે તેની ઓળખ માટે કવાયત કરી પરંતુ તેની ઓળખ થાય તેવા કોઈ પુરાવા મળી આવ્યા ન હતા. મૃતદેહ પી.એમ. કરાવી તેની ઓળખ માટે તપાસ શરુ કરવામાં આવી છે જયારે બે દિવસ પહેલા એક યુવતીનો બિનવારસી મૃતદેહ રાયપુર કેનાલમાંથી મળ્યો હતો. તેણીના પરિવારજનો અમદાવાદથી ડભોડા પોલીસ સ્ટેશન આવ્યા હતા. ૮મી તારીખે સવારથી કોઈને કાંઈ કહ્યા વગર ઘરેથી ચાલી ગયેલી ૨૫ વર્ષીય અપરિણીત યુવતી કવિતા મોહનભાઈ રાઠોડની પરિવારના સભ્યો શોધખોળ કરતા હતા તે દરમિયાન તેમને જાણવા મળ્યું હતું કે ડભોડા પોલીસને કેનાલમાંથી બિનવારસી યુવતીનો મૃતદેહ મળ્યો છે. આ યુવતી કવિતા તો નથી ને તે જોવા આવેલા પરિવારજનોએ મૃતદેહનું વર્ણન ડાબા હાથના અંગુઠે અંગ્રેજીમાં લખેલો 'k' સાંભળીને ધ્રાસકો પડયો હતો તેમની જ દિકરીએ કોઈ કારણોસર આપઘાત કરી લીધો હોવાનું ખુલ્યું છે.

# આજે નિસર્ગ સાયન્સ ખાતે ટેકનોલોજી નિદર્શનનું આયોજન

ગાંધીનગર, તા.૧૦

ભારતના પૂર્વ વડાપ્રધાન અટલ બિહારી વાજપેયીના માર્ગદર્શન નીચે ૧૯૯૮માં ભારતીય વૈજ્ઞાનિકોએ રાજસ્થાનના પોખરણ ખાતે ન્યુકલીયર પરીક્ષણ કર્યું હતું. ભારતના આ સફળ પરીક્ષણ બાદ વિશ્વના ન્યુકલીયર શકિત ધરાવતા દેશમાં ભારતની ગણના થવા માંડી છે. આ દિવસને યાદ કરી ભારત સરકાર દ્વારા તા. ૧૧મે ને ટેકનોલોજી દિવસ તરીકે ઉજવવામાં આવે છે.

ગુજરાત કાઉન્સીલ ઓન સાયન્સ એન્ડ ટેકનોલોજી ગાંધીનગર અને નિસર્ગ સાયન્સ સેન્ટરના ઉપક્રમે સાયન્સ સેન્ટર ખાતે સવારે ૮.૩૦ થી ૧૧.૩૦ દરમિયાન ટેકનોલોજીના પરિચય પર સાધન અને મોડેલ નિદર્શન કાર્યક્રમ યોજાશે. જૂની અને નવી ટેકનોલોજીના સાધનો નિદર્શન માટે મુકવામાં આવશે જેથી વિદ્યાર્થીઓ પ્રારંભિક શોધો અને નવીન શોધો વિષે માહિતગાર થાય.

આ પ્રદર્શનમાં વિજળી વગર ચાલતા ગ્રામોફોન, વાલ્વ વાળા રેડીયો, રીલ વાળા ટેપરેકોર્ડર, ફિલ્મ પ્રોજકેટર, સ્લાઈડ પ્રોજેકટર, પેજર, ટેલીગ્રાફ, જુદા જુદા ટેલીફોન વગેરે સાધનોનું નિદર્શન કરાવવામાં આવશે. રસ ધરાવતા નાગરીકોને આ નિદર્શન જોવા નિસર્ગ દ્વારા હાર્દિક નિમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

# ગેરકાયદેસર હેરાફેરી કરતા ખાનગી વાહનો સામે કાર્યવાહી

## પોલીસ, આરટીઓ અને નિગમના અધિકારીઓની ટીમોએ શહેરના નો પાર્કીંગ ઝોનમાં અનેક વાહનો વિરૂધ્ધ ધોરણસરની કાર્યવાહી કરી : ૩૫૩ મેમા, ૫૧ ખાનગી વાહનો ડીટેઈન અને ૫૨,૨૫૦નો દંડ વસુલ્યો

ગાંધીનગર, તા.૧૦

રાજયભરના એસ.ટી. ડેપો તથા એસ.ટી. સ્ટેન્ડ નજીક મુસાફરોની ગેરકાયદેસર હેરફેર કરતા ખાનગી વાહનો બિન્દાસ સંચાલન કરી રહ્યા છે. જેનાથી મુસાફરોને જોખમી મુસાફરી કરવી પડે છે અને નિગમ તથા સરકારને ખુબ જ મોટું નુકસાન પણ થઈ રહ્યું છે. જે અટકાવવા વિભાગીય નિગમ દ્વારા તાજેતરમાં ઝુંબેશ ચલાવવામાં આવી રહી છે. જેનો ખરેખર જાન્યુઆરી માસથી કાર્યવાહીનો પ્રારંભ કરી દેવામાં આવ્યો છે. જે અંતર્ગત ગાંધીનગર એસ.ટી. ડેપો નજીક તથા અન્ય સ્થળેથી ખાનગી વાહનોને મેમા, ડીટેઈન તથા દંડ વસુલવાની ધોરણસરની કાર્યવાહી કરવામાં આવી છે અને અનઅધિકૃત સંચાલન સદંતર બંધ કરવા હજુ પણ કડક કાર્યવાહી કરવામાં આવનાર છે.

ગુજરાત રાજય માર્ગ વાહન વ્યવહાર નિગમ અમદાવાદના નાયબ મુખ્ય સુરક્ષા અધિકારીએ અમદાવાદ તથા ગાંધીનગરના જિલ્લા પોલીસ વડાને પત્ર પાઠવીને મુસાફરોની ગેરકાયદેસર હેરફેર રોકવા સંયુકત રીતે ઝુંબેશ ચલાવવા જણાવેલ હતું. જે મુજબ તાજેતરમાં ગાંધીનગર શહેર તથા અમદાવાદ શહેરના એસ.ટી.ડેપો તથા એસ.ટી. સ્ટેન્ડ નજીક પોલીસ, આરટીઓ તથા નિગમના અધિકારીઓએ ટીમો બનાવી સંયુકત રીતે નોપાર્કીંગ ઝોનમાં અનઅધિકૃત સંચાલન અટકાવવા કડક કાર્યવાહી હાથ ધરી હતી જે હાલમાં પણ જિલ્લાના વિવિધ શહેરોમાં કાર્યરત રખાઈ રહી છે.

આ અંગે વિભાગીય નિયામક એ.કે. પરમારે માહિતી આપતા જણાવ્યું હતું કે મુસાફરોની ગેરકાયદેસર હેરફેર કરતા ખાનગી વાહનો વિરુધ્ધ જાન્યુ ૧૮ થી મે ૧૮ સુધી ઝુંબેશ ચલાવાઈ રહી છે. જેમાં ગાંધીનગરના નો પાર્કીંગ ઝોનમાં અનઅધિકૃત સંચાલન કરતા ખાનગી વાહનોને ૩૫૩ મેમા, ૫૧ વાહનો ડીટેઈન અને ૫૧,૨૫૦નો દંડ વસુલ કરવામાં આવ્યો છે. આ કાર્યવાહીમાં પોલીસ, આરટીઓ અને નિગમના અધિકારીઓએ પોતાની ફરજ બજાવી હતી. ખાનગી વાહનો વિરૂધ્ધ ધોરણસરની કાર્યવાહી હાથ ધરી ફરીથી આ પ્રકારની પ્રવૃત્તિ ન થાય તેની બાંહેધરી પણ લેવામાં આવી રહી છે. આગામી સમયમાં પણ આ ઝુંબેશ કાર્યરત રાખી મુસાફરોને જોખમી મુસાફરીથી દૂર રાખવાનો સઘન પ્રયાસ હાથ ધરવા સતત પ્રયત્નશીલ રહેવા નિગમના અધિકારીઓ કટીબધ્ધ જણાયા હતા. ઘેટાં બકરાની જેમ



મુસાફરોની હેરફેરનું આ દુષણ ડામવા એસ.ટી.ડેપો સહિત અનેક ઠેકાણે છાશવારે સંયુકત અભિયાન ચલાવવા નિગમ મકકમ હોવાનું જણાવવામાં આવ્યું છે.

## @ગાંધીનગર

● ગાંધીનગર કલ્ચરલ ફોરમ દ્વારા ગ્રીષ્મ ઉત્સવની ઉજવણી અંતર્ગત સાંજે ૭ થી ૧૦ કલાક દરમિયાન સાંઈરામ દવેનો હાસ્ય દરબાર યોજાશે.

● સૌરાષ્ટ્ર કચ્છ સમાજ સેવા ટ્રસ્ટ ખાતે સંગીત નાટક અકાદમી દ્વારા 'રંગ રંગીલા ગુજ્જુભાઈ' નાટક રાત્રે ૯.૩૦ કલાકે સે-૧૭ ટાઉન હોલ ખાતે યોજાશે.

## વાતવાતમાં

● ગાંધીનગર મહાનગરપાલિકાના મેયર પ્રવિણ પટેલ સામે કરાયેલ પક્ષાંતર ધારાભંગના કેસની આજે હાઈકોર્ટમાં મુદત છે.

● ગાંધીનગર જિલ્લા વિકાસ અધકારી શ્રી હિતેશ કોયા રજા પર જતાં તેમની જગ્યાનો ચાર્જ જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીના નિયામકશ્રી બ્રહ્મભટ્ટને આપવામાં આવ્યો છે.

● પંચાયત સેવાના કર્મીઓની ઉચ્ચ શ્રેણી હિન્દીની પરીક્ષા આજે સંપન્ન થઈ છે.

● બોર્ડની પરીક્ષાઓના પરિણામ જાહેર થતા પાસ થયેલા વિદ્યાર્થીઓએ મિત્રો તથા સગાવ્હાલાને મ્હો મીઠું કરાવવા ચોકલેટસની ખરીદી મોટા પ્રમાણમાં કરી હતી.

# રવિવારે સે-૬માં વિના મુલ્યે કુંડાનું વિતરણ

ગાંધીનગર, તા.૧૦

ગાંધીનગર એક પર્યાવરણ પ્રેમી અને જીવદયા પ્રેમીઓનું શહેર છે. શહેરમાં ગ્રીષ્મની ગરમીમાં પાણીની ગંભીર સમસ્યાથી ત્રસ્ત પક્ષીઓ માટે વિવિધ સેવાકીય સંસ્થાઓ દ્વારા માટીના કુંડાની પક્ષી પરબોનું વિતરણ કરવામાં આવ્યું છે. શહેરમાં ફરી એકવાર આ પ્રકારના સેવા કાર્યને હાથ ધરવામાં આવ્યું છે. આ વખતે શહેરમાં સ્પર્ધાત્મક પરીક્ષાના ઉમેદવારોને તાલીમ આપતી વર્લ્ડ ઈનબોકસ નોલેજ શેરીંગ સંસ્થા દ્વારા આ કાર્ય આયોજિત કરાયું છે.

વર્લ્ડ ઈનબોકસ દ્વારા આયોજિત વિના મૂલ્યે પાણીના કુંડાનું વિતરણ તા. ૧૩મી મે રવિવાર અને ૧૪મી મે સોમવારે એમ બે દિવસ દરમિયાન સવારે ૧૦ થી ૧૨ વાગ્યાના સમયગાળામાં સેકટર-૬માં શાંતિ આર્કેડમાં બીજા માળે સંસ્થાના કાર્યાલય પરથી કરવામાં આવશે. આ કુંડા મેળવનારે તેમાં નિયમિત સ્વચ્છ પાણી ભરી સુરક્ષિત જગ્યાએ લગાડવા સંસ્થા દ્વારા અનુરોધ કરવામાં આવ્યો છે.

## અવસાન નોંધ

ગાંધીનગર એક્રેડિટેશન પ્રેસ કલબના પ્રમુખ અનિરૂધ્ધસિંહ ઝાલા (તરાપ દૈનિક તંત્રી)ના માતૃશ્રીનું તા.૯ના રોજ નિધન થયેલ છે. તેઓનું બેસણું તા.૧૪-૫-૨૦૧૮ને સોમવારના રોજ સવારે ૯-૦૦ થી ૧૨-૦૦ દરમ્યાન તેમના નિવાસ સ્થાન, બ્લોક નં.૧૨૯/૨, 'ચ' ટાઈપ, પોલીસ ચોકીની બાજુમાં સેક્ટર-૨૦ ખાતે રાખવામાં આવ્યું છે. (મો.૯૩૭૭૫૭૭૭૦૧)

## ચિરવિદાય

- સ્વ. પટેલ મંગળભાઈ ઈશ્વરદાસ, ઉ.વ. ૭૨
- સ્વ. રાઠોડ કવિતાબેન મોહનભાઈ, ઉ.વ. ૨૫
- સ્વ. હસમુખ કાન્તીલાલ કોઠારી, ઉ.વ. ૬૦
- સ્વ. રૂમાલજી મંગાજી ઠાકોર, ઉ.વ. ૬૫
- સ્વ. શર્મા નરેશભાઈ કાન્તીલાલ, ઉ.વ. ૫૫
- સ્વ. ઠાકોર કનુજી શકરાજી, ઉ.વ. ૪૫
- સ્વ. કોકિલાબેન જીજુભાઈ જોશી, ઉ.વ. ૭૨